**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૭/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૪૭૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૯ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝદપી રુપિયા ૧૨૫૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૧/૧૫**

**રામોલઃ** પુજાબહેન રામગોપાલ ગુપ્તા (ઉ.વ.૧૭) (રહે.શિવ શંભુ સોસાયટી રબારી કોલોની ચાર રસ્તા પાસે વસ્ત્રાલ રોડ) ને તા.૧૧/૬/૧૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે આરોપી નિકુલ પ્રવિણભાઈ કોષ્ટી (રહે.કૈલાસ કોલોની પુર્વદીપ સોસાયટી સીટીએમ) ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનની માતા કિરણબહેન ગુપ્તાએ તા.૨૧/૭/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ પી વસુનીયા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૨/૧૫**

**મેઘાણીનગરઃ** સરોજબહેન વિજયકુમાર પટેલ (ઉ.વ.૩૦) (હાલ રહે.ગામ ટીટોદણ આમલીવાળુ પરૂ તાલુકો વિજાપુર જીલ્લો મહેસાણા) એ તા.૨૧/૭/૧૫ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સરોજબહેનના સસરા કાંતીલાલ હરજીવનદાસ પટેલ,સાસુ ભગવતીબહેન, જેઠ દેવેન્દ્રભાઈ અને જેઠાણી પીનલબહેન (તમામ રહે. મજમુદાર સોસાયટી વિભાગ-૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ ભેગા મળી માહે નવેમ્બર ૨૦૧૪ થી માહે મે ૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન સરોજબહેન તથા સરોજબહેનના પતિના જોઈન્ટ બેન્ક એકાઉન્ટમાંથી સરોજબહેનને જાણ કર્યા વગર ચેકમાં ખોટી સાહીઓ કરી રૂપિયા ૬૨,૬૦,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી કરી સરોજબહેનને શારીરીક અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુક્યા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે એમ પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૩/૧૫**

**આનંદનગરઃ** શ્રીકાંત સેવતીલાલ શાહ (રહે.અશ્વમેઘ બંગલોઝ વિભાગ-૭ સેટેલાઈટ) એ તા.૨૧/૭/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૬/૧૫ સાંજના ૫/૧૫ થી તા.૧૭/૬/૧૫ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૧૫,૫૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી વી જાડેજા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૪/૧૫**

**ગુજરાત યુનિવર્સિટીઃ** ભાનુબહેન મોહનભાઈ રાણા (રહે.વૃંદા એપાર્ટમેન્ટ પટેલવાસ ઈસનપુર) તા.૨૧/૭/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે જૈન ઉપાશ્રય પાસે ગોપાલ એપાર્ટમેન્ટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભાનુબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભાનુબહેન રાણાએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ એમ રાજ્યગુરૂ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૫/૧૫**

**કાગડાપીઠઃ** સુનિલભાઈ વિષ્ણુકુમાર તિવારી (રહે.તિવારીભુવન શનિદેવ મંદિર બીગબજાર સામે રાયપુર દરવાજા બહાર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૭/૧૫ કલાક ૦૦/૩૦ વાગે શનિદેવ મંદિર સામે પાર્ક કરેલ પોતાની ટાટા સુમો ગાડી નંબર જીજે ૧ એચએમ ૪૧૧૬ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- અજાણ્યા બે પુરૂષો ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૮૬/૧૫**

**શહેરકોટડાઃ** સોમવતીબહેન સતરામસિહ ભદોરીયા (ઉ.વ.૧૫)(રહે.માણેકનાથનગર શાંતીજુંજ વિભાગ-૨ રાજીવ ગાંધી ભવન પાછળ મેમ્કો) તા.૧૧/૩/૧૫ નારોજ ઘરેથી નિકળી ગયેલ ત્યારબાદ દશેક દિવસ બાદ ઘરે આવેલ હતી ત્યારથી ગુમશુમ રહેતી હોઈ સોમવતીના પિતાએ ઠપકો આપતા મનમાં લાગી આવતા તા.૨૦/૭/૧૫ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની વળી સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિહ મલાભાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** કિશોરભાઈ રવજીભાઈ માવધીયા (ઉ.વ.૫૫)(રહે.રાજ લક્ષ્મી સોસાયટી હર્ષદ કોલોની ડીમાર્ટની સામે બાપુનગર) એ કોઈ કારણસર તા.૨૦/૭/૧૫ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં કાપડની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)